NCS Code: NA, CCode: DF001

# તટ રક્ષક

ભારતીય તટ રક્ષક (આઈ.સી.જી) એ સંરક્ષણ મંત્રાલયના નેજા હેઠળ કાર્યરત દરિયાઈ સશસ્ત્ર દળ છે. આઈ.સી.જી. સમુદ્ર ક્ષેત્રમાં ભારતના દરિયાઈ અને અન્ય રાષ્ટ્રીય હિતોની સુરક્ષા માટે જવાબદાર છે. તેઓ અપતટીય અને અન્ય માળખાને સુરક્ષા પુરી પાડે છે. તેઓ માછીમારોને સુરક્ષા પણ આપે છે અને દાણચોરી વિરોધી અભિયાનોમાં મદદ કરે છે.



## વ્યક્તિગત નિપુણતા

- લોકોને મદદ કરવી તમને ગમે છે
- તમને બહાર કામ કરવાનું ગમે છે
- તમને ટીમમાં કામ કરવાનું ગમે છે
- સ્પષ્ટ સૂચનાઓને અનુસરવાનું તમને પસંદ છે

ફી

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૬,૦૦૦ થી ૧૦,૪૬,૦૦૦*** જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in**ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in**ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે.)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઇન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

કોઈપણ પ્રવાહમાં ધો. ૧૨ પૂર્ણ કરો, વિજ્ઞાન પ્રવાહ (ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને ગણિત)ને પ્રાધાન્ય આપો

૨. કોઈપણ વિષયમાં સ્નાતકની પદવી પ્રાપ્ત કરો.

**અથવા**

ઈલેક્ટ્રિકલ / મિકેનિકલ / ઈલેક્ટ્રોન-આઇ.સી. / ટેલિકમ્યુનિકેશન એન્જિનિયરિંગમાં ડિપ્લોમા અને ત્યારબાદ સ્નાતકની ડિગ્રી પૂર્ણ કરો.

**અથવા**

નેવલ આર્કિટેક્ચર અથવા મિકેનિકલ / મરીન એન્જિનિયરિંગ / ઓટોમોટિવ / મેકાટ્રોનિક્સમાં સ્નાતકની ડિગ્રી પૂર્ણ કરો. ત્યારબાદ તમારે વિવિધ પ્રવેશ પરીક્ષાઓ આપવી આવશ્યક રહે છે.

તટ રક્ષક સેવામાં પ્રવેશ માટે, તમારે કોસ્ટ ગાર્ડ એનરોલ્ડ પર્સનલ ટેસ્ટ (CGEPT), કોસ્ટ ગાર્ડ આસિસ્ટન્ટ કમાન્ડન્ટ પરીક્ષા અથવા અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓ જેમ કે JEE એડવાન્સ્ડ, JEE મેઈન, MET, VITE EE, MHT CET, SRM JEE, COM EDK., UGET, KCET જેવી પરીક્ષાઓ પાસ કરવી આવશ્યક છે.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહીં આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

કોસ્ટ ગાર્ડ ઓફિસરનું માસિક વેતન **રૂ. ૨૧,૭૦૦ થી ૨,૦૫,૦૦૦*** જેટલું હોય છે.

સ્રોત: https://joinindiancoastguard.cdac.in/pay_perks_enrolled_per-

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** તમે ભારતીય તટ રક્ષક, ભારત સરકાર માટે ફરજ બજાવશો.

**કાર્યસ્થળનું વાતાવરણ:** સામાન્ય રીતે અઠવાડિયામાં ૬ થી ૭ દિવસ, પ્રતિ દિવસ ૮ થી ૯ કલાક ફરજ બજાવવાની હોય છે. શિફ્ટ સિસ્ટમ અમલમાં છે. તમારી પાસેથી પડકારજનક પરિસ્થિતિઓનો સામનો કરવાની અપેક્ષા છે. મોટા ભાગનું કામ બહારનું છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

ભારતીય કોસ્ટ ગાર્ડ, નાવિક, ભારતીય નૌકાદળ

## અપેક્ષિત પ્રગતિ પથ

આસિસ્ટન્ટ કમાન્ડન્ટ → ડેપ્યુટી કમાન્ડન્ટ → કમાન્ડન્ટ (જે.જી.) → કમાન્ડન્ટ → ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલ- ઈન્સ્પેક્ટર જનરલ એડિશનલ ડિરેક્ટર જનરલ ડિરેક્ટર જનરલ **અથવા**

યાંત્રિક → ઉત્તમ યાંત્રિક → પ્રધાન યાંત્રિક → સહાયક ઈજનેર → ઉત્તમ સહાયક ઈજનેર → પ્રધાન સહાયક ઈજનેર **અથવા**

નાવિક → ઉત્તમ નાવિક → પ્રધાન નાવિક → અધિકારી → ઉત્તમ અધિકારી → પ્રધાન અધિકારી

## તમે અભ્યાસ ક્યાં કરશો?

સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.

**નેવલ તાલીમ**

૧. નેશનલ ડિફેન્સ એકેડમી (NDA), પુણે - નેવલ કેડેટ્સને નેશનલ ડિફેન્સ એકેડમીમાં સંરક્ષણ તાલીમ લેવી પડે છે.
૨. ઈન્ડિયન નેવલ એકેડેમી (INA), કેરળ - ભારતીય કોસ્ટ ગાર્ડ અધિકારીઓ, ભારતીય નૌકાદળના તેમના સમકક્ષો સાથે ઈન્ડિયન નેવલ એકેડેમી, એઝિમાલા ખાતે મૂળભૂત સંરક્ષણ તાલીમમાંથી પસાર થાય છે.

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ



## સાફલ્ય ગાથા

**નુપુર કુલશ્રેષ્ઠ** ભારતીય તટ રક્ષકના ડી.આઈ.જી. તરીકે બઢતી મેળવનાર પ્રથમ મહિલા છે. તેઓ ૨૩ વર્ષ કરતા વધુ સમયથી સેવામાં છે. કુલશ્રેષ્ઠ અનુભવે છે કે તેમનું ઉદાહરણ ભારતીય મહિલાઓને તેમણે કંડારેલા પથ પર ચાલવાનો માર્ગ મોકળો કરશે.*

સ્રોત: https://www.shahepeople.tv/top-stories/inspiration/nupur-kulshrestha-dig-of-indian-coast-guard/

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.